શહેરમાં વડોદરા ગેસ લિમિટેડ (VGL)ની 'સર્જિકલ સ્ટ્રાઈક'

બે બિલ બાકી હશે તો જોડાણ કપાશે, પોલીસ બંદોબસ્ત સાથે તંત્ર મેદાને

મદન ઝાંપા રોડ અને બકરાવાડીમાં અધિકારી હર્ષ રાજની આગેવાનીમાં કડક કાર્યવાહી; બાકીદારોમાં મચ્યો ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરમાં ગેસ જોડાણ ધરાવતા ગ્રાહકો માટે વડોદરા ગેસ લિમિટેડ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોથી જે ગ્રાહકોના બે કે તેથી વધુ બિલ લાંબા સમયથી બાકી છે, તેમના કનેક્શન કાપવાની કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અભિયાનના ભાગરૂપે આજે શહેરના પૂર્વ અને મધ્ય વિસ્તારમાં વ્યાપક તપાસ અને કનેક્શન ડિસ્કનેક્ટ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

આજે વડોદરાના મદન ઝાંપા રોડ, બકરાવાડી અને તેની આસપાસના ગીચ વિસ્તારોમાં ગેસ અધિકારી હર્ષ રાજની સીધી દેખરેખ હેઠળ VGLની ટીમ ત્રાટકી હતી. કામગીરી દરમિયાન કોઈ અઘટિત ઘટના ન બને અને સ્થાનિકો સાથે ઘર્ષણ ટાળી શકાય તે હેતુથી નવાપુરા પોલીસ સ્ટેશનનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રાખવામાં આવ્યો હતો. પોલીસની હાજરીમાં શાંતિપૂર્ણ રીતે બાકીદારોના કનેક્શન કાપવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી.

VGLએ તમામ ગ્રાહકોને નમ્ર અપીલ કરી છે કે તેઓ પોતાના ગેસ બિલ બાકી ન રાખે. સમયસર નાણાંની ચુકવણી કરીને વહીવટી તંત્રને સહકાર આપે, જેથી કનેક્શન કાપવાની કડક કાર્યવાહીનો સામનો ન કરવો પડે અને અસુવિધાથી બચી શકાય. આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ ઝુંબેશ વધુ વેગવંતી બનાવવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

આ કાર્યવાહી અંગે માહિતી આપતા ગેસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા વારંવાર સૂચના આપવા છતાં ઘણા ગ્રાહકો બિલ ભરવામાં બેદરકારી દાખવી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કેઃ ગ્રાહકો પોતાના હિતમાં ગેસ બિલ સમયસર ભરે તે અનિવાર્ય છે. બિલ બાકી રહેવાને કારણે કનેક્શન કપાય ત્યારે ગ્રાહકોને જ જમવાનું બનાવવામાં અને અન્ય કામોમાં ભારે મુશ્કેલી પડે છે. જો કોઈ ગ્રાહકને બિલની રકમમાં વિસંગતતા, કનેક્શનમાં ખામી કે અન્ય કોઈ ટેકનિકલ સમસ્યા હોય તો તેઓ VGLની કચેરીનો સંપર્ક કરી શકે છે, જ્યાં તેમની સમસ્યાનો યોગ્ય નિકાલ કરવામાં આવશે.

પાણીગેટ રાજારાણી તળાવ વિસ્તારમાં એમજીવીસીએલની કચેરી પર આવી ઉધમ મચાવ્યો

વીજ કનેક્શન કાપી મીટર લઈ જનાર કર્મચારીઓને ગ્રાહકે ચાકૂ બતાવી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.19

પાણીગેટ વિસ્તારમાં આવેલા રાજરાણી તળાવ પાસે રહેતા ગ્રાહકે ચાર મહિનાથી રૂપિયા 11 વીજ બિલ ભર્યું ન હતું. જેના કારણે જીઈબીના કર્મચારીઓ તેમનું વીજ કનેક્શન કાપી મીટર લઈ ગયા હતા. દરમિયાન રોસે ભરાયેલો ગ્રાહક સબ ડિવિઝનની વીજ કચેરી ખાતે પહોંચી ગયો હતો અને કર્મચારીઓને ગાળો બોલવા સાથે તમને હું ઓળખું છું બહાર નીકળશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જેથી લાઈન મેને ગ્રાહક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના સ્વસ્તિક એપાર્ટમેન્ટમાં રહેતાં દશ્વતભાઈ અબ્બાસભાઈ શેખ પાણીગેટ રાજારાણી તળાવ પાસે આવેલા જી.ઈ.બી. સબ ડીવિઝન ઓફીસમા છેલ્લા 22 વર્ષથી લાઈનમેન તરીકે નોકરે કરે છે.19 જાન્યુઆરીના રોજ અધિકારી તરફથી વીજ બીલ બાકી હોય તેમને વીજ બીલ ભરવા જાણ કરવી અને વીજ બીલ ના ભરે તો બીજા દિવસે વીજ કનેક્શન કાપવાની સાથે મીટર કાઢી લાવવાની સુચના મળી હતી. જેથી સવારના આશરે દસેક વાગ્યાની આસપાસ પાણીગેટ જીઈબી સબ ડીવીઝનમાથી ઈંચાર્જ નાયબ ઈજનેર પંકજ એમ. પાટીલે ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ સંદિપભાઈ જયંતીભાઈ રાણા તથા રામસીંગભાઈ રાઠોડને રાજારાણી તળાવ જીઈબીની બાજુનો વિભાગ ફાળવ્યો હતો અને જેમના વીજ બીલ ભરેલ ન હોય તેઓના કનેક્શન કાપી નાખવા તેવી સૂચના આપી હતી.

જેના આધારે આ વીજ કર્મચારીઓ ગ્રાહક સૈયદખાન નિઝામખાન પઠાણના ઘરે જઈને તપાસ કરી હતી ત્યારે આ ગ્રાહકે છેલ્લા ચાર માસથી અનિયમીત બિલ ભરતા હોય તથા તેઓનુ રૂપિયા 11312 બીલ બાકી હોય તેમને જાણ કરાઈ હોવા છતાં તેઓ બિલ ભર્યું ન હતું. લાઈનમેન સહિતના કર્મચારી સવારના દસેક વાગ્યાની આસપાસ તેઓનુ મીટર કાપીને પાણીગેટ જીઈબી ઓફીસ લઈને આવ્યા હતા.

દરમિયાન બપોરના ત્રણેક વાગ્યા આસપાસ જીઈબી કચેરી પર બધા કર્મચારી હાજર હતા. ગ્રાહક સૈયદખાન ઉર્ફે રાજુ પઠાણ જીઈબી ઓફીસ પર આવ્યો હતો અને મીટર કાપવા બાબતે ત્યા હાજર જીઈબી ના કર્મચારીઓને બિભત્સ ગંદી ગાળો આપવા સાથે તેણે બધાને ઓળખુ છુ તમે બહાર આવો તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી જતો રહ્યો હતો. થોડી જ વારમાં ગ્રાહક ચાકુ હાથમા ચપ્પુ લઈને આવ્યો હતો અને ત્યા બહાર ઉભો રહી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હતો. દરમિયાન તેની બહેન જુબેદા મલેક ત્યા આવી ગાળો તથા જાનથી મારી નાખવાની ધમકીઓ આપવા લાગી હતી. જેથી સરકારી કર્મચારીને ધમકી આપવા બદલ પોલીસે ભાઈ બહેન વિરુદ્ધ ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી છે.

મંદિર અને દરગાહને મોડી રાત્રે ટાર્ગેટ કરતો સગીર ચોર ઝડપાયો

જ્યુબિલીબાગ પાસેથી સ્ટીલની દાનપેટી સાથે ક્રાઈમ બ્રાન્ચે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને દબોચ્યો

પિતાની હાજરીમાં પૂછપરછ દરમિયાન મંદિર, દરગાહ અને રિક્ષામાં ચોરી કર્યાની કબૂલાત

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા મંદિરો અને દરગાહોમાં મોડી રાત્રિના સમયે ચોરી કરનાર કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર ચોરને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. જ્યુબેલીબાગ વિસ્તારમાં સ્ટીલની દાનપેટી સાથે શંકાસ્પદ હાલતમાં ફરતા સગીરને પોલીસે દબોચી લીધો હતો. તેના પિતાને બોલાવી તેમની હાજરીમાં કરવામાં આવેલી પૂછપરછ દરમિયાન સગીરે અનેક ચોરીઓ કર્યાની કબૂલાત કરી હતી.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી હનુમાનજીના મંદિરો તેમજ દરગાહોને ટાર્ગેટ કરીને આભૂષણો અને દાનપેટીમાં રહેલી રોકડ રકમની ચોરીની ઘટનાઓ વધી રહી હતી. મોડી રાત્રે લોકો ઊંઘી ગયા બાદ તસ્કર બંધ મંદિરોના તાળા તોડી ચોરી કરી ફરાર થઈ જતો હતો.

આ ઘટનાઓને ગંભીરતાથી લઈ પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને અધિક પોલીસ કમિશનર ડૉ. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સના આધારે તપાસ દરમિયાન એક શંકાસ્પદ સગીર નજરે પડ્યો હતો, જેને જ્યુબેલીબાગ પાસેથી સ્ટીલની દાનપેટી અને રૂ.4,500 રોકડ સાથે પકડવામાં આવ્યો હતો.

પૂછપરછમાં ખુલ્યું કે આરોપી સગીર છે. તેના પિતાની હાજરીમાં પૂછપરછ કરતાં તેણે છેલ્લા એક માસ દરમિયાન ઘડીયાળી પોળ, કોઠી પાસેના પીપળેશ્વર હનુમાનજી મંદિર, પાટડીયા પોળના સંકટમોચન હનુમાનજી મંદિર, ફતેપુરા અને કાલુપુરા નજીકના ચાર માતાના મંદિર તથા મહાકાળી માતાજીના મંદિરમાં તાળા તોડી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આ ઉપરાંત ફતેગંજની એક દરગાહમાંથી 10 છત્ર અને એક ચાંદીનું નાનું ઘર ચોરી કર્યાનું તેમજ ઓટો રિક્ષામાંથી પાકીટ ચોરી કર્યાનું પણ તેણે સ્વીકાર્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચે સગીર પાસેથી રૂ.4,500 રોકડ, ચાંદીના મુગટ બે, ચાંદીનું હનુમાનજીનું મુખ બે સહિત કુલ રૂ.8,500નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા મહાનગર પાલિકામાં ફાયર સૈનિકની ભરતી 'ઠંડી' પડી

11 મહિનાથી પ્રેક્ટિકલ પાસ 20થી વધુ ઉમેદવારો લેખિત પરીક્ષાના 'વેઈટિંગ'માં!

દ્વિધામાં મુકાયેલા 20થી વધુ નોકરી વાંચ્છુઓની કમિશનર સમક્ષ રજૂઆતઃ "અમારો ગુનો શું? વહેલી તકે પરીક્ષા લો"

(પ્રતિનિધિ) વડોદરા તા.20

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફાયર સૈનિકની ભરતીનો મામલો હવે ગરમાયો છે. છેલ્લા 11 મહિનાથી શારીરિક અને પ્રેક્ટિકલ પરીક્ષા પાસ કરીને બેઠેલા ઉમેદવારોની હજુ સુધી લેખિત પરીક્ષા ન લેવાતા યુવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે રાજ્યભરમાંથી આવેલા 20થી વધુ નોકરીવાંચ્છુ યુવાનોએ વડોદરા મ્યુનિસિપલ કમિશનરને આવેદન પત્ર પાઠવી પોતાની વ્યથા ઠાલવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા કોર્પોરેશન દ્વારા ફાયર સૈનિકોની ભરતી માટેની પ્રક્રિયા લાંબા સમયથી ચાલી રહી છે. અંદાજે 11 મહિના પહેલા આ જગ્યાઓ માટે જરૂરી પ્રેક્ટિકલ પરીક્ષા લેવામાં આવી હતી. નિયમ મુજબ પ્રેક્ટિકલ પાસ કરનાર ઉમેદવારોએ ત્યારબાદ લેખિત પરીક્ષા આપવાની હોય છે. જોકે, લગભગ એક વર્ષ જેટલો સમય વીતી જવા છતાં તંત્ર દ્વારા લેખિત પરીક્ષાની કોઈ તારીખ જાહેર કરવામાં આવી નથી.

આ ભરતીમાં માત્ર વડોદરા જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાંથી યુવાનોએ ભાગ લીધો છે. કમિશનર કચેરીએ પહોંચેલા ઉમેદવારોએ જણાવ્યું હતું કે, "અમે દિવસ-રાત મહેનત કરીને પ્રેક્ટિકલ પરીક્ષા પાસ કરી છે. હવે માત્ર લેખિત પરીક્ષા બાકી છે, જે લેવામાં તંત્ર આળસ કરી રહ્યું છે. લાંબા સમયથી પરીક્ષા ન લેવાતા અમે અન્ય કોઈ નોકરી પર ધ્યાન આપી શકતા નથી કે નથી આગળ વધી શકતા."

આવેદન આપવા આવેલા યુવાનોએ ભાવુક થઈને જણાવ્યું હતું કે, મધ્યમ વર્ગના પરિવારો પોતાના સંતાનોને સરકારી નોકરી મળે તે આશાએ બેઠા હોય છે. 11 મહિનાથી આ પ્રક્રિયા અટકેલી હોવાથી ઉમેદવારોની સાથે તેમના પરિવારજનો પણ માનસિક તણાવ અનુભવી રહ્યા છે. યુવાનોની માંગ છે કે કોર્પોરેશન વહેલી તકે લેખિત પરીક્ષાની તારીખ જાહેર કરે જેથી તેમને રોજગારીની તક મળે.

હવે જોવાનું એ રહે છે કે મ્યુનિસિપલ કમિશનર અને વહીવટી તંત્ર આ રજૂઆત બાદ ઊંઘમાંથી જાગીને લેખિત પરીક્ષાનું આયોજન ક્યારે કરે છે.

B.Com હોનર્સની એક્સ્ટર્નલ પરીક્ષાના પરિણામમાં વિલંબ કરાતા વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વિશ્વવિખ્યાત વડોદરાની મહારાજા સર્જીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં બી કોમ હોનર્સમાં લેવાયેલી એક્સટર્નલની પરીક્ષા અને પૂર્ણ થાય 52 દિવસ વીતી ગયા છતાં પણ પરીક્ષાના પરિણામો જાહેર નહીં થતા વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા વિરોધ પ્રદર્શન સાથે ફેકલ્ટી ડીનને રજૂઆત કરવામાં આવી હતી.

વિવાદોનો પર્યાય બનેલી એમ.એસ. યુનિવર્સિટીમાં ફરી એક વખત લાંબો સમય વીતી ગયા હોવા છતાં પણ વિદ્યાર્થીઓ પરિણામથી વંચિત રહેતા મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના ઉપપ્રમુખ તેજસ રોયની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓએ ઉગ્ર સુત્રોચાર સાથે વિરોધ કરી ફેકલ્ટી ડીનને રજૂઆત કરી હતી. કોમર્સ ફેકલ્ટીમાં બીકોમ હોનર્સના વિદ્યાર્થીઓને મોટી સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. તેમની એક્સ્ટર્નલ પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે અને ઘણો સમય વીતી ગયા છે, પરંતુ તેમના પરિણામો જાહેર થયાં નથી. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના નિયમો અનુસાર પરીક્ષા પૂર્ણ થયાના 45 દિવસના અંદર અંદર પરિણામ જાહેર કરવાની માંગ કરી છે. સત્ર 3 ની એક્સ્ટર્નલ પરીક્ષા 29 નવેમ્બરના રોજ પૂર્ણ થઈ ગઈ છે અને 52 દિવસ વીતી ગયા છે, પરંતુ હજી સુધી સત્ર 1 અને 3ના વિદ્યાર્થીઓના પરીક્ષાના પરિણામ જાહેર થયાં નથી. ત્યારે, વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના વિદ્યાર્થી આગેવાનોએ ફેકલ્ટી ડીનને રજૂઆત કરી પરિણામો વહેલી તકે જાહેર કરે, જેથી તેઓ તેમના ભવિષ્યના શૈક્ષણિક અને વ્યાવસાયિક નિર્ણયો લઈ શકે તેવી માંગ કરી હતી.

પાલિકાની પરવાનગી વગર રહેણાંક વિસ્તારમાં ટાવર ઉભો કરાયો, રેડિયેશનના ભયથી રોષ

વૈકુંઠધામ સોસાયટીમાં વોડાફોનનો ટાવર લગાવવા મુદ્દે ભારે હોબાળો, રહીશોની કમિશનરની રજૂઆત

માથાભારે મકાનમાલિક અને તંત્રની મિલીભગત? વોર્ડ-19 માં રજૂઆત છતાં પરિણામ શૂન્ય

(પ્રતિનિધિ) વડોદરા. તા.20

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં સોમનાથ નગરની બાજુમાં આવેલા વૈકુંઠધામ સોસાયટીમાં વોડાફોન કંપનીનું ટાવર લગાવવાના મામલે સ્થાનિક રહીશો નો વિરોધ. રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા આ ટાવરના વિરોધમાં આજે મોટી સંખ્યામાં સોસાયટીના લોકો, ખાસ કરીને મહિલાઓ, મ્યુનિસિપલ કમિશનરની કચેરીએ ન્યાયની માંગ સાથે દોડી ગયા હતા. વૈકુંઠધામ સોસાયટી ના મકાન નંબર 38 માં રહેતા રશ્મિ ભાસ્કર ભટ્ટ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો કે પાછળની ગલીમાં રહેતા મનીષ શર્મા નામના વ્યક્તિએ પોતાના ઘરે વોડાફોન કંપનીનું ટાવર લગાવ્યું છે. આ માટે મહાનગરપાલિકા પાસેથી કોઈ પણ પ્રકારની વહીવટી પરવાનગી લેવામાં આવી નથી. આશ્ચર્યની વાત એ છે કે, આટલું મોટું સ્ટ્રક્ચર ઉભું થઈ ગયું હોવા છતાં પાલિકાના અધિકારીઓ દ્વારા કોઈ પણ પ્રકારનું સ્થળ નિરીક્ષણ (Inspection) કરવામાં આવ્યું નથી. જેથી મહિલાઓ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, અગાઉ આ બાબતે વોર્ડ નંબર 19 ની ઓફિસમાં લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ ત્યાંથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. તંત્રના નિરુત્સાહી વલણને કારણે રહીશોમાં એવી ચર્ચા છે કે શું આ ગેરકાયદેસર કામગીરીને રાજકીય કે વહીવટી પીઠબળ મળી રહ્યું છે ? રેડિયેશનનો ખતરો અને માથાભારે શખ્સનો આતંક સોસાયટીની મહિલાઓએ મીડિયા સમક્ષ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રહેણાંક વિસ્તારમાં ટાવરના રેડિયેશનને કારણે બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી શકે છે.

મનીષ શર્મા નામનો વ્યક્તિ માથાભારે હોવાથી કોઈ સ્થાનિક તેની સામે અવાજ ઉઠાવતા ગભરાય છે. અમે પણ મનીષ શર્મા માં ઘરે જઈને તેમને સમજાવ્યા પરંતુ તેમના દ્વારા કહેવામાં આવ્યું કે આ ટાવર માંથી કોઈ રેડિયેશન આવતું નથી, એ કોઈ પણ રીતે નુકશાન કારક નથી. તેથી આજે સ્થાનિકોએ એકત્ર થઈને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું છે.

જેલ રોડથી ભીમનાથ બ્રિજ તરફનો રસ્તો એક મહિના માટે બંધ રહેશે

વરસાદી કાંસની કામગીરી શરૂ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા કોર્પોરેશન દ્વારા ભીમનાથ નાકાથી ભીમનાથ બ્રિજ વિશ્વામિત્રી નદી સુધી વરસાદી કાંસ માટે નવી પાઈપલાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવશે. આ કામગીરી રસ્તાની એક તરફ થવાની હોવાથી વાહનચાલકોને અગવડ ન પડે તે માટે પાલિકાએ ટ્રાફિક પોલીસ પાસે મંજૂરી માંગી હતી.

આ મામલે વડોદરા ટ્રાફિક એસીપી ડી.એમ. વ્યાસ આજે જેલ રોડ અને ભીમનાથ બ્રિજ ખાતે પહોંચ્યા હતા અને સમગ્ર રસ્તાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "કામગીરી દરમિયાન એક તરફનો ટ્રાફિક બંધ રહેશે. જો અનુકૂળતા જણાશે તો એક જ ટ્રેક પર બંને તરફના નાના વાહનો ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચલાવવામાં આવશે. પરંતુ ટ્રાફિક જામની સમસ્યા નિવારવા માટે ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે."

પાલિકાના એન્જિનિયરો દ્વારા આ કામગીરી માટે એક મહિનાનો સમય માંગવામાં આવ્યો છે. જોકે, ટ્રાફિક પોલીસની સૂચનાને પગલે પાલિકાએ આશ્વાસન આપ્યું છે કે દિવસ-રાત કામ કરીને વહેલી તકે આ માર્ગ ફરીથી ખુલ્લો કરી દેવામાં આવશે જેથી રાહદારીઓ અને વાહનચાલકોને લાંબો સમય મુશ્કેલી વેઠવી ન પડે.

વૈકલ્પિક રસ્તા

- **ભારે વાહનોઃ** ભારે વાહનોને જેલ રોડ તરફ આવવા દેવામાં આવશે નહીં. તેમને કાલા ઘોડાથી ડાયવર્ટ કરી અલકાપુરી ગરનાળા તરફ મોકલવામાં આવશે.
- **નાના વાહનોઃ** નાના વાહનો માટે જો શક્ય હશે તો સિંગલ ટ્રેક સુવિધા અપાશે, અન્યથા તેમને પણ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે.

શિક્ષણ બોર્ડે હોલ ટિકિટ વેબસાઈટ પર અપલોડ કરી

28 જાન્યુઆરીએ ધો.9 ના વિદ્યાર્થીઓની પ્રખરતા શોધ કસોટી લેવામાં આવશે

ગત વર્ષની સરખામણીમાં આ વખતે પરીક્ષા બે દિવસ વહેલા લેવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

ધોરણ-9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા 28 જાન્યુઆરીના રોજ પ્રખરતા શોધ કસોટી લેવામાં આવશે. આ પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ધોરણ-9 ના 1.04 લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં સામાન્ય વધારો જોવા મળ્યો છે. આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યા દોઢ હજારનો વધારો થયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 28 જાન્યુઆરીના રોજ ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી લેવામાં આવનાર છે. ગત વર્ષની સરખામણીમાં આ વખતે પરીક્ષા બે દિવસ વહેલા લેવામાં આવશે. ગત વર્ષે 30 જાન્યુઆરીના રોજ પરીક્ષા લેવાઈ હતી. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો 15 નવેમ્બર, 2025થી 12 ડિસેમ્બર, 2025 દરમિયાન બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન માધ્યમથી ભરવામાં આવ્યા હતા. ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સમગ્ર રાજ્યની 104887 વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. ગત વર્ષની સરખામણીમાં આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. ગત વર્ષે 103392 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્યારે આ વર્ષે સંખ્યામાં 1495નો વધારો થયો છે. પ્રખરતા શોધ કસોટીમાં બે પ્રશ્નપત્રો પૂછાશે. જેમાં પ્રશ્નપત્ર-1માં ગુજરાતી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનના મળી કુલ 100 ગુણના 100 પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જ્યારે પ્રશ્નપત્ર-2માં ગણિત, વિજ્ઞાન અને માનસિક ક્ષમતાને લગતી 100 ગુણના 100 પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. એક પ્રશ્નપત્ર લખવા માટે વિદ્યાર્થીઓને બે કલાકનો સમય આપવામાં આવ્યો હતો. પરીક્ષા માટેની હોલ ટિકિટ બોર્ડ દ્વારા અપલોડ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રખરતા શોધ કસોટીને લઈને રાજ્યમાં 34 જેટલા ઝોન નક્કી કરવામાં આવ્યા છે. પરીક્ષા માટેની હોલ ટિકિટ શિક્ષણ બોર્ડ દ્વારા અપલોડ કરી દેવામાં આવી હતી.

નારાયણ આશિષ જ્વેલર્સ કેસમાં પિતા-પુત્રના ચોથી વખત જામીન રદ

સરકારી વકીલ અનિલ દેસાઈ અને હિતેશ ગુપ્તાની દલીલો ધ્યાને લઈ અરજી મેજિસ્ટ્રેટ દ્વારા નામંજૂર

જેલવાસ લંબાઇ જતા પિતા અને પુત્રની મુશ્કેલીએ વધી ગઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના આર.સી. દત્ત મેઈન રોડ ખાતે આવેલી બહુચર્ચિત નારાયણ આશિષ જ્વેલર્સ કેસમાં આરોપીઓ હરીશ ચોક્સી અને ધનંજય હરીશ ચોક્સીની ચોથી વખતની રેગ્યુલર જામીન અરજી વડોદરાના અધિક સેશન્સ જજ દ્વારા નામંજૂર કરી દેવામાં આવી છે.

ગત 20 સપ્ટેમ્બરન 2025ના રોજ ગોત્રી પોલીસ દ્વારા છ વર્ષ બાદ આરોપીઓ પિતા અને પુત્રની ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદ બાદ અગાઉ મેજિસ્ટ્રેટ દ્વારા બંને આરોપીઓની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી. જેના કારણે આરોપીઓ દ્વારા સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરાઈ હતી તે અરજી પણ નામંજૂર થઈ હતી અને ત્યારબાદ નામદાર હાઈકોર્ટમાં પણ અરજી ગુજારી પરંતુ તે તેઓએ વિથડ્રૉ કરવી પડી હતી. જ્યારે ધરપકડથી બચવા આરોપી મિતેશ હરીશ ચોક્સી અને દીપા ધનંજય ચોક્સી દ્વારા આગોતરા જામીન અરજી મેળવવા અરજી ગુજારી જે પણ ડિસેમ્બરેમાં હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ હતી. આરોપીઓ મિતેશ હરીશ ચોક્સી અને દીપા ધનંજય ચોક્સી ગત સપ્ટેમ્બર-2025થી ધરપકડથી બચવા નાસ્તા ફરે છે. અધિક સેશન્સ જજ પી.એમ.રાવલની કોર્ટમાં મુખ્ય સરકારી વકીલ અનિલ દેસાઈ અને ફરિયાદી તરફે હિતેશ ગુપ્તાની દલીલો ધ્યાને લઈ ગુનાની ગંભીરતા જોતા આરોપીઓની જામીન અરજી રદ થતા જેલવાસ લંબાઈ ગયો હોય પિતા અને પુત્રની મુશ્કેલી વધી ગઈ છે.

ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે અરજી કર્યા પછી વિદ્યાર્થીઓ રૂબરૂ પ્રવેશમાં હાજર ન રહ્યા

ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરીમાં ખાલી પડેલી બેઠકો માટે બીજી વખતની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ

ડિપ્લોમાની ખાલી 1100, ડિગ્રીની 371 બેઠક માટે કાર્યવાહી - 83 વિદ્યાર્થીએ પ્રવેશમાં રસ દાખવ્યો, 16 વિદ્યાર્થીએ પ્રવેશ લીધો

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરીમાં ખાલી પડેલી બેઠકો માટે બીજી વખતની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. સરકારી કોલેજની ખાલી બેઠકો માટે રજિસ્ટ્રેશન કરનારા 83 વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા. જેમાં ડિપ્લોમા ઈજેનરીમાં કુલ 14 વિદ્યાર્થીએ પ્રવેશ લીધો છે. આ જ રીતે ડિગ્રી ઈજનેરીમાં માત્ર બે વિદ્યાર્થીને પ્રવેશ ફાળવાયો હતો.

ધો.12 પછી ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરીમાં ખાલી પડેલી બેઠકો માટે વર્ષમાં બે વખત પ્રવેશ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. સેન્ટ્રલ બોર્ડ અને ગુજરાત બોર્ડ દ્વારા વર્ષમાં બે વખત ધો.12ની પરીક્ષા લેવામાં આવતી હોવાથી હવે પ્રવેશ પ્રક્રિયા પણ બે વખત કરવામાં આવી રહી છે. જે કોર્સમાં પહેલા તબક્કાની પ્રવેશ પ્રક્રિયામાં 30 ટકાથી વધુ બેઠકો ખાલી હોય તેમાં જ બીજા તબક્કામાં પ્રવેશ ફાળવવો તેવું નક્કી કરાયું હતું. હાલમાં પ્રવેશ સમિતિ દ્વારા સરકારી ડિગ્રી ઈજનેરીમાં ખાલી પડેલી 372 અને ડિપ્લો કોલેજમાં ખાલી પડેલી 1100 બેઠકો માટે વિદ્યાર્થી પાસેથી અરજીઓ મગાવવામાં આવી હતી. ડિપ્લોમા ઈજનેરીમાં કુલ 1100 બેઠકો માટે 40 વિદ્યાર્થીએ અરજી કરી હતી, જે પૈકી 39 અરજી માન્ય થઈ હતી. આજે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રૂબરૂમાં બોલાવવામાં આવ્યા હતા. જેમાં 21 વિદ્યાર્થી હાજર રહ્યા હતા. જેમાંથી માત્ર 14 વિદ્યાર્થીએ જુદી જુદી કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. જેમાં 3 વિદ્યાર્થી અને 1 વિદ્યાર્થિનીએ સરકારી પોલિટેકનિકમાં, 2 વિદ્યાર્થીએ પ્લાસ્ટિક, 3 આઈસી, 2 આઈસીટી-રાજકોટ, વ્યારા સિવિલમાં 1, મોરબી સિવિલમાં 1 મળીને કુલ 14 વિદ્યાર્થી સરકારી ડિપ્લોમા ઈજનેરી કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. આ જ રીતે સરકારી ડિગ્રી ઈજનેરીમાં ખાલી પડેલી 372 બેઠક માટે 43 વિદ્યાર્થીએ અરજી કરી હતી. જે પૈકી 36 વિદ્યાર્થીનો મેરિટમાં સમાવેશ કરાયો હતો. આજે રૂબરૂ પ્રવેશ ફાળવણી દરમિયાન માત્ર 2 વિદ્યાર્થી હાજર રહ્યા હતા. આ બન્ને વિદ્યાર્થી ગોધરા ઈજનેરી કોલેજમાં મિકેનિકલ બ્રાન્ચમાં પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો હતો. આ સાથે જ ડિપ્લોમા અને ડિગ્રી ઈજનેરીમાં મળીને માત્ર 16 વિદ્યાર્થીએ બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયામાં સરકારી કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. સ્વનિર્ભર કોલેજમાં ખાલી પડેલ